Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૪૪
તા.૨૩-૦૧-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ મહા સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૂર્યોદય : ૦૭:૨૬ સૂર્યાસ્ત : ૦૬:૨૦

તાપમાન			
ડીસા	૧૨.૪	વડોદરા	૧૬.૦
અમદાવાદ	૧૪.૧	સુરત	૧૮.૦
ગાંધીનગર	૧૩.૨	નલિયા	૦૭.૬

ચાંદી : ૩૯,૬૦૦ સોનું : ૩૦,૮૦૦

રાજયમાં ઠંડીનો ચમકારો : નલિયા ૭.૬ ડિગ્રી

ડીસામાં લઘુત્તમ તાપમાન ૧૨.૪ ડિગ્રી રહ્યું : આગામી બે ત્રણ દિવસ રાત્રિ તાપમાન યથાવત રહેશે

અમદાવાદ

ગુજરાતભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિના કારણે લોકો પરેશાન થયેલા છે. કેટલાક દિવસ સુધી તાપમાનમાં ઘટાડો તો કેટલાક દિવસ સુધી તાપમાનમાં વધારો થઇ રહ્યો છે. આ પ્રકારની સ્થિતિના કારણેબાળકો અને મોટી વયના લોકોને મુશ્કેલી પડી રહી છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન હજુ ઘટી શકે છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન રાત્રિ તાપમાનમાં કોઇ નોંધપાત્ર ફેરફાર થનાર નથી પરંતુ ત્યારબાદ ૨-૩ ડિગ્રી સુધી રાત્રિ તાપમાનમાં ઘટાડો થઇ શકે છે. નલિયામાં આજે પણ તીવ્ર ઠંડીની અસર જોવા મળી હતી. જો કે, ગઇકાલની સરખામણીમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. આજે લઘુત્તમ તાપમાન ૭.૬ ડિગ્રી નોંધાયું હતું. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે.

વિચાર વૈભવ...

સપનું !

લૂઈ નામની એક સ્ત્રીને એક દિવસ સપનું આવ્યું. સપનું ખરેખર ભયંકર હતું. સપનામાં એણે જોયું કે નર્કમાંથી કોઈ એને કાગળ લખી રહ્યું હતું. ચારે તરફ ચિચિયારીઓ સંભળાતી હતી. હૃદયને થંભાવી દે અને ભયથી ગાત્રોને ગાળી દે તેવા અવાજો આવતા હતા. આગના ભડકા બળી રહ્યા હતા. ભડકે બળતી આગ અને દર્દનાક અવાજો વચ્ચે કોઈ બેઠું હતું. એ કોણ હતું એ જોવાની લૂઈએ કોશિશ કરી. પરંતુ આગના ભડકાઓ વચ્ચે લખનારનો ચહેરો એ સ્પષ્ટ જોઈ ન શકી. એ એટલું જ જોઈ શકી કે પેલી વ્યક્તિએ એ કાગળ શિંગડાવાળા દૂતને આપ્યો અને લૂઈને આપી આવવા જણાવ્યું.

લૂઈએ જોયું કે નર્કનો દૂત પેલી ટપાલ લઈને બરાબર એના ઘરની સામે જ ઊતર્યો. દીવાલની આરપાર ચાલીને એ ઘરમાં આવ્યો અને લૂઈના હાથમાં એ કાગળ આપ્યો.દૂતના ગયા પછી ધ્રૂજતા હાથે લૂઈએ કાગળ ખોલ્યો. એમાં લખ્યું હતું.'મારી વહાલી મિત્ર લૂઈ!

આજે હું નર્કમાં છું. તને આ કાગળ લખવા પાછળનું પ્રયોજન એટલું જ છે કે હું અહીંયા આવી એની પાછળ મારા પોતાના સિવાય અન્ય જ કોઈ જવાબદાર હોય તે સાને હું જાણ કરવા માંગું છું. હું માનું છું કે મને નર્કમાં ધકેલવા માટે તું પણ અમુક અંશે જવાબદાર છો. તને આ વાંચીને નવાઈ લાગશે. પરંતુ હું તને જરા વિસ્તારથી સમજાવું છું.'

આટલું વાંચતા જ લૂઈને પરસેવો થઈ ગયો. એના હાથની ધ્રુજારી થોડી વધી ગઈ. એણે ફરીથી કાગળમાં નજર નાખી અને આગળ વાંચવા લાગી. લખ્યું હતું, 'જો લૂઈ! હું તારી મિત્ર હતી. અરે! તારી ખાસ મિત્ર હતી એમ કહું તો પણ ચાલે કારણ કે આપણી દોસ્તી જ એવી હતી. આપણે રાતદિવસ જોડે રહેતાં, ગપ્પા મારતાં, પિકનિક કરતાં, રેસ્ટોરંટમાં જતાં. ખૂબ મજા કરતાં. આપણે આટલાં નજીક હતાં. પરંતુ તેં મને મારી જુગારની આદત છોડાવવા કેમ ક્યારેય કાંઈ કહ્યું નહીં? તું મારી સાથે ઢગલો વાતો કરતી પણ મારી દારૂની લત અંગે કેમ એકેય વાર વાત ન કરી? તને ખબર હતી કે હું ડ્રગ્સની બંધાણી થઈ ગઈ હતી તો પણ તેં કેમ મને ક્યારેય ટોકી નહીં? ખરાબ માણસોની જોડે ઘણી બધી વાર મને ઊભેલી જોયા છતાં તું કેમ એ અંગે નહોતી બોલી? એ વખતે તું કેમ મને ખિજાઈ નહીં? કેમ તેં ક્યારેય મોં ન બગાડ્યું? તને ભગવાન પર આટલો વિશ્વાસ છે પરંતુ તેં મને ભગવાન તરફ વાળવાનો કેમ કોઈ દિવસ પ્રયાસ ન કર્યો? હું જાણું છું કે તું એવું માનતી હઈશ કે આ બધી મારી વ્યક્તિગત બાબતો છે અને એમાં તારે વળી શું કામ માથું મારવું જોઈએ, બરાબર? પરંતુ એવું નથી લૂઈ! હું પણ જાણું છું કે શિખામણ કોઈ માંગે તો જ અપાય, પરંતુ મિત્રોમાં એવો નિયમ ન પાળીએ તો ન ચાલે? તારે મને ક્યારેક તો આવી કોઈક શિખામણ આપવી હતી. હું માનું છું કે કદાચ તારી કોઈક વાત કે એકાદ શિખામણ મને નર્કની આગથી બચાવી લેત.

ટૂંકમાં મારી જિંદગીમાં પ્રકાશ પાથરવાની જે તક તારી પાસે હતી એનો તેં ઉપયોગ જ ન કર્યો. મારી સૌથી સારી મિત્ર તરીકે તેં એ મોકો ગુમાવી દીધો. એક મિત્રને બચાવવા માટે બીજા મિત્રે બધા જ પ્રયત્નો કરવા જોઈએ. મારા જીવનને સુધારવાની એક મિત્ર તરીકેની ફરજ તું ચૂકી ગઈ છો. એટલે જ એ જાણ કરવા માટે હું આજે તને પત્ર લખી રહી છું કે મારી નર્કની યાતના માટે અમુક અંશે તું પણ જવાબદાર છો. બસ! એ જ લિ.માર્શા,

-તારી એક વખતની ખાસ મિત્ર!'

પત્ર પૂરો થયો. લૂઈ સફાળી જાગી ગઈ. એ બેબાકળી થઈ ગઈ હતી, પરસેવે રેબઝેબ હતી. બેચાર ક્ષણ પછી એને ખાતરી થઈ કે આ તો ફક્ત એક સપનું જ હતું. એક ખૂબ ખરાબ સપનું! એણે હળવી અને સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો. પરંતુ ખબર નહીં કેમ પણ પેલા નર્કની આગના ભડકા એને એની આંખ સામે એમ જ દેખાતા હતા.

એ ઊભી થઈ. બારી ખોલી એણે પોતાના અને માર્શાના સંબંધ અંગે વિચાર્યું તો પત્રની વાત એને ઘણી સાચી લાગી. ખરેખર પોતે માર્શાને સુધારવા કે સાચા રસ્તે ચડાવવા ક્યારેય પ્રયત્ન જ નહોતો કર્યો. એની જિંદગી માટે એ જ જવાબદાર છે એવું સામાન્ય વલણ પોતે પણ અપનાવી લીધું હતું. બધા એમ જ કરતા હોય છે. એમાં પોતે ખોટું પણ શું કર્યું હતું?

આવું વિચારતાં એણે થોડીવાર આંટા માર્યા. ઊંડા શ્વાસ લીધા. સવાર પડવાને હજુ ઘણી વાર હતી. સવારે ઊઠીને માર્શાને પોતે જરૂર સમજાવશે એવું નક્કી કરીને એ આડી પડી. પડ્યા પડ્યા થોડીવાર સુધી એણે હવે પોતે માર્શા નહીં માંગે તો પણ શિખામણ આપશે એવું પણ વિચાર્યું અને પછી સૂઈ ગઈ.

લૂઈ સવારે થોડી મોડી ઊઠી. આગળની રાતનું સપનું તેમજ વિચારો હજુ એના મનમાં ઘૂમરાતા હતા. ફ્રેશન થઈને એણે માર્શાના ઘરે ફોન લગાડ્યો. કોઈ બિલ નામના માણસે ફોન ઉપાડ્યો.

'માર્શાને ફોન આપશો પ્લીઝ?' લૂઈએ કહ્યું.

'લાગે છે કે તમને સમાચાર નથી મળ્યા!' બિલે કહ્યું

'ક્યા સમાચાર? શેના સમાચાર?' લૂઈએ થોડીક અધીરાઈ સાથે પૂછ્યું.

'કાલે રાત્રે નવ વાગ્યે ચિક્કાર દારૂ પીને કાર ચલાવતી વેળા માર્શાની કાર અથડાઈ ગઈ અને એ સ્થળ પર જ મૃત્યુ પામી!' બિલે જણાવ્યું.

લૂઈના હાથમાંથી ફોન પડી ગયો. એ સ્તબ્ધ થઈ ગઈ. બસ, એમ જ ઊભી રહી ગઈ.

આપણાં સગાંવહાલાં કે મિત્રોને શિખામણ કે સાચી સલાહ આપવામાં શું કામ સંકોચ અનુભવવો? બહુ બહુ તો એમને ખોટું લાગશે, કે આપણને બે શબ્દો સંભળાવી દેશે! પરંતુ જિંદગી કદાચ કહેવાનો મોકો જ ન આપે તો? એના કરતા તો જે કહેવું હોય તે કહી જ દેવું!

આઈ.કે.વીજળીવાળા

ગુજરાતની ભૂમિ પવિત્રતા, દિવ્યતાની વાહક છે : કોવિંદ

અમદાવાદ

ગોંડલ સ્થિત વિશ્વ વિખ્યાત અક્ષર દેરીની સાર્ધ શતાબ્દિ વર્ષની ઉજવણીમાં આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, રાજયપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહભાગી બની સેવા, પવિત્રતા અને આધ્યાત્મિકતાના નાદને બૂલંદ બનાવ્યો હતો. રાષ્ટ્રપતિએ બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિના રાયણ સંસ્થાનને માનવ સેવાની ભેખધારી ગણાવી હતી. અક્ષરદેરીના સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે ૧૧ દિવસના યોજાયેલ કાર્યક્રમમાં આજે અક્ષરવાડીમાં સ્વામિનારાયણ નગર ખાતે ૨૦૦ એકરમાં

ઉભા કરાયેલા સભાના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદેથી ઉદબોધન કરતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું હતું કે, ગોંડલની અક્ષર દેરીના દર્શન કરવાનો અવસર બીજી વખત પ્રાપ્ત થયો છે. આ પૂર્વે પણ, બિહારના રાજયપાલની ફરજ દરમિયાન અક્ષર દેરીના દર્શન કર્યા હતા અને આ ભૂમિના પુણ્ય પ્રતાપના કારણે હું થોડા દિવસો બાદ રાષ્ટ્રપતિની જવાબદેહી મળી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, આ સંસ્થા માનવતાની સેવાનું ભીગરથકાર્ય કરી રહી છે. ગુણાતીન સ્વામીએ તો એ સમયે સેવાની રીતસરની આલહેક જગાવી હતી. તત્કાલીન સમયે પ્રવર્તતી અંધશ્રદ્ધા, જ્ઞાતિ-જાતિ, ઊંચ-નીચના ભેદભાવને ભુસી જનકલ્યાણનો યજ્ઞ આરંભ્યો હતો જે આજપર્યંત ચાલે છે. દેશવિદેશમાં કાર્યરત ૫૫ હજાર સ્વયંસેવકો જન કલ્યાણની ફોજ છે. કોવિંદે જણાવ્યું કે, આ સંસ્થાએ માનવતાના કલ્યાણ માટે આધ્યાત્મિકતાને બુનિયાદ બનાવી છે.

ધાનાણીએ મોં મીઠું કરાવ્યું : ધારાસભ્યો સાથે બેઠક

પરેશ ધાનાણીએ વિપક્ષના નેતાનો ચાર્જ સંભાળ્યો

અમદાવાદ

કોંગ્રેસપક્ષના યુવા નેતા પરેશ ધાનાણીએ આખરે આજે વિધિવત્ રીતે પોતાનો વિધાનસભાના વિરોધપક્ષના નેતા તરીકે સત્તાવાર ચાર્જ સંભાળી લીધો હતો. નવો ચાર્જ સંભાળતાં જ ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી લઇ કાર્યકરોની ધાનાણી પર શુભેચ્છા વર્ષા થઇ હતી. ગાંધીનગર સચિવાલય ખાતે આજે પોતાનો ચાર્જ સંભાળ્યા બાદ પરેશ ધાનાણીએ કોંગ્રેસના ચૂંટાયેલા ધારા સભ્યોની એક મહત્વની બેઠક યોજી હતી, જેમાં વિધાન સભામાં ખેડૂતો, યુવાઓ, મહિલા સુરક્ષા સહિતના પ્રશ્નોને લઇ ભાજપ સરકારને કેવી રીતે ઘેરવી તેની

રણનીતિ તૈયાર કરવાની તજવીજ હાથ ધરી હતી. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસના ઉત્કૃષ્ટ અને આક્રમક દેખાવ બાદ વિધાન સભામાં સરકારની સામે રજૂઆત કરવામાં અને લડત આપવામાં મજબૂત નેતાને જવાબદારી સોંપવાનું કામ કોંગ્રેસ માટે ઘણું કપરું હતું. જો કે, આંતરિક વિવાદ અને બળાપા વચ્ચે પણ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ તેમના માનીતા અમરેલી યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી પર પસંદગી ઉતારી હતી અને તેમની વિરોધપક્ષના નેતા તરીકે નિમણૂંક કરી હતી.

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટનો સૂત્રધાર કુરૈશી આખરે ઝડપાયો

અમદાવાદ

જૂલાઇ-૨૦૦૮માં અમદાવાદ શહેરમાં ૨૦થી વધુ જુદી જુદી જગ્યાઓ પર થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટના ચકચારભર્યા આંતકવાદી હુમલાની ઘટનામાં મોસ્ટ વોન્ટેડ આંતકવાદી અબ્દુલ સુભાન કુરૈશી ઉર્ફે કાસીમ ઉર્ફે જાકીર ઉર્ફે કબ તૌકિર હાજી ઉસ્માન કુરૈશી આજે દિલ્હી માંથી આબાદ ઝડપાઇ જતાં દિલ્હી પોલીસને બહુ મોટી સફળતા મળી છે કારણે કે, દેશભરના આંતકવાદી હુમલાઓ પૈકીના મોટાભાગના હુમલાઓમાં આંતકવાદી અબ્દુલ સુભાન કુરૈશીની સીધી કે આડકતરી સંડોવણી હતી. આંતકી અબ્દુલ સુભાન કુરૈશીને દુનિયાના ટોપ બોમ્બર્સમાં સામેલ કરવામાં આવતો હતો અને તેને ભારતનો ઓસામા બિન લાદેનના નામથી પણ ઓળખવામાં આવતો હતો કારણ કે, દેશના ઘણા બધા આંતકી હુમલામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલો રહેતો હતો. કુરૈશી ૨૦૦૬ના મુંબઇ ટ્રેન બ્લાસ્ટમાં પણ સંડોવાયેલો હોવાનું મનાઇ રહ્યું છે. તે સીમીનો ટોપ કમાન્ડર હતો, તેણે અન્ય આંતકવાદીઓની મદદથી ઈન્ડિયન મુઝાહિદ્દીનની શરૂઆત કરી હતી. દિલ્હી, ગુજરાત, બેંગ્લુરૂ, જયપુર અને મહારાષ્ટ્રના બ્લાસ્ટ તેમ જ આંતકી હુમલાઓ સહિતના અનેક ગંભીર આંતકવાદી ગુનાઓમા તે મોસ્ટ વોન્ટેડ હતો.

હાઈકોર્ટમાં દાખલ તમામ કેસ સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર કરાશે

જજ લોયા કેસમાં નિષ્પક્ષ તપાસ થવી જોઇએ : સુપ્રીમ કોર્ટનો મત

ભાજપ પ્રમુખ અમિત શાહના નામનો ઉલ્લેખ કરાતા કોર્ટે નારાજગી વ્યક્ત કરી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં આજે જજ લોયાની મોતના મામલામાં તપાસને લઈને દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની બેંચ દ્વારા હાથ ધરવામાં આવી હતી. બેંચે કહ્યું હતું કે, આ કેસની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ ગંભીર મામલો છે. કોર્ટ તમામ કાગળોમાં ધ્યાન આપશે. તમામ સંબંધિત પક્ષોને સીલકવરમાં દસ્તાવેજો રજૂ કરવા માટે આદેશો કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે, હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલા તમામ કેસ સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર થશે. સુનાવણી દરમિયાન ભાજપ અધ્યક્ષ અમિત શાહના નામનો ઉલ્લેખ કરવામાં આવતા કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. આ આદેશ બાદ જજ લોયાના મોત સાથે જોડાયેલી બે અરજી મુંબઈ હાઈકોર્ટથી સુપ્રીમ કોર્ટમાં જશે. અલબત્ત મહારાષ્ટ્ર સરકારે પોતાની રજૂઆતમાં કહ્યું છે કે, જજ લોયાનું અવસાન હાર્ટએટેકથી થયું હતું. તપાસમાં કોઇ પણ પ્રકારના કાવતરાની વાત સપાટી ઉપર આવી નથી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કોઇ પણ હાઈકોર્ટ આ મામલાની સુનાવણી કરશે. મહારાષ્ટ્ર સરકારના વકીલ હરીશ સાલ્વેના જોરદાર વાંધા પર વિચારણા કરીને બેંચે કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિ મુજબ આ સ્વભાવિક અવસાન છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે લોયાના અવસાન સાથે સંબંધિત હાઈકોર્ટના બે કેસો પોતાના હાથમાં લીધા છે. આગામી સુનાવણી માટે બીજી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરવામાં આવી છે.

કોઈને પણ શહેરની શાંતિ ભંગ કરવા દેવામાં આવશે નહીઃ પોલીસ કમિશનર

સુરત

વસંત બારોટ

પોલીસ કમિશનર સતિશ શર્માએ તમામ સંગઠનો અને તેમના લીડરોને કહ્યું હતું કે, તેઓ સાવધાન થઈ જાય કારણ કે પોલીસ હવે કોઈને છોડશે નહીં. તેમની પાસે પુરતા પ્રમાણમાં સ્ટાફ અને હથિયારો છે.કોઈને પણ શહેરની શાંતિ ભંગ કરવા દેવામાં આવશે નહીં. તમામ બાબતોની ઉંડાણપૂર્વક તપાસ કરાશે. તમામ લીડરો સાવધાન થઈ જાય પોલીસ કમિશનર સતિષકુમાર શર્માએ જણાવ્યું હતું કે તમામને શાંતિપૂર્વક વિરોધ કરવાનો હક છે. લોકોને હેરાનગતિમાં મુકાવાનો કોઈને પણ અધિકાર નથી.

રવિવારે સાંજે પાંચેક વાગ્યે પૂર્વાઆયોજીત રીતે અચાનક શહેરના વિવિધ વિસ્તારમાં અસામાજિક તત્વોએ જે હીંસા કરી તેમાં એક સિટી બસના કાચ તોડવાની સાથે કતારગામ, કાપોદ્રા સહિતના ચારેક વિસ્તારમાં ટાયર સળગાવવામાં આવ્યાં હતાં. સાથે ત્રણ પોલીસ અધિકારીઓને ધક્કે ચડાવાયાની વાત પોલીસ કમિશનર સતિષકુમાર શર્મા કરી હતી.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાના રાજમાં

ગેરકાયદે ભૂગર્ભ ગટર કનેક્શન ગેરરિતી આચરાઈ હોવાની રાવ

પાલિકાએ સર્વે હાથ ધરી નોટિસ ફટકારવાની તજવીજ હાથ ધરી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં પાલિકાના આંખ આડા કાન કરવાની નીતિને પગલે ભૂગર્ભ ગટર યોજનામાં ગેરકાયદે કનેક્શન જોડાણ કરાતું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ૧૦૦ ઉપરાંત રહીશોએ ગેર કાયદેસર જોડાણો લઇ લીધા બાદ કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલી પાલિકાએ સફાળા જાગી સર્વે હાથ ધરી નોટિસ ફટકારવાની કાર્યવાહી હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના પુલ પછીના સુખબાગ રોડ તેમજ આબુ હાઈવે વિસ્તારમાં પાલિકા દ્વારા નવી ભૂર્ગભ ગટરલાઈન નાંખવામાં આવી છે. જે હજુ શરૂ કરવામાં આવી નથી. ત્યાં ૧૦૦ ઉપરાંત રહીશોએ પાલિકાના સત્તાધીશોની આંખ આડા કાન કરવાની નીતિને પગલે પોતાના ઘર વપરાશ તેમજ સંડાસ-બાથરૂમના જોડાણો ગેર કાયદેસર રીતે આ નવી ગટરલાઈનમાં જોડી દીધા છે. આ અંગેની જાણ થતાં પાલિકા દ્વારા સર્વે હાથ ધરી આવા રહીશોને નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, આવા ગેરકાયદેસરના જોડાણ સામે બેદરકારી દાખવનાર પાલિકાના જવાબદાર કર્મચારીઓ સામે પણ પગલાં ભરવામાં આવે તે જરૂરી બન્યું છે.

સંજય જોષી

સુરતમાં ચાલુ બાઈકે સેલ્ફી લેવા જતાં અકસ્માતમાં ત્રણના મોત

સુરત

શહેરના કતારગામ જેરામ મોરારની વાડી વિસ્તારમાં રહેતા ત્રણ યુવાનો ગત રોજ સાંજે મરોલી-ઉભરાટ ફરવા માટે ગયા હતા. ઉભરાટથી પરત આવતી વખતે આ ત્રણેય યુવાનો ચાલુ બાઇકે સેલ્ફી લેવા જતા તેમની બાઇક સ્લીપ થઇ ગઇ હતી જેના કારણે ત્રણેય યુવાનોને ગંભીર ઇજા થતા ઘટના સ્થળે જ મોત થયા હતા.

બનાવ અંગે મળતી વિગતો અનુસાર, બાઇક ચાલક મહેશકુમાર રામાનંદ પ્રસાદઅને તેના બે મિત્રો સૌરભ અને ચંદન ગત રોજ રવિવાર હોવાથી ઉભરાટ ફરવા માટે ગયા હતા. ત્રણેય મિત્રો એક જ બાઇક પર ઉભરાટથી સાંજે સાડા છ વાગ્યાના સુમારે પરત સુરત આવવા રવાના થયા હતા.

ત્યારે મરોલી નજીક કરખદ ગામ પાસે આ ત્રણેય મિત્રો ચાલુ બાઇકે સેલ્ફી લઇ રહ્યા હતા ત્યારે અચાનક જ તેમની બાઇક સ્લીપ થઇ ગઇ હતી અને ત્રણેય મિત્રો રોડ પર ઢસડાયા હતા. જેના કારણે મહેશ રામાનંદ પ્રસાદ, સૌરભ અને ચંદનનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત થયું હતું. મરનારા ત્રણેય યુવાનો જેરામ મોરારની વાડી વિસ્તારમાં રહેતા હતા. જલાલપોર પોલીસના જણાવ્યા પ્રમાણે મરનારા મહેશને છાતિના ભાગે બ્રશીંગ માટે વપરાતું ઝાડું છાતિના ભાગમાં ઘુસી ગયું હતું અને અન્ય બે યુવાનો ઝાડ સાથે અથડાઈને રોડ પર પટકાયા હતા. બનાવ અંગે જલાલપોર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

બેસણું

સ્વ.માંનાબેન પુંજાભાઈ ચૌધરી
સ્વ.તા.૨૧/૧/૨૦૧૮

અમારા માતૃશ્રી માંનાબેન પુંજાભાઈ ચૌધરીનું તા.૨૧/૧/૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ , સદગતનું બેસણું (બપોરો) તા.૨૪/૧/૨૦૧૮ ને બુધવારના રોજ સમાજના રીત રીવાજ મુજબ રાખેલ છે.

સ્થળ : ફાર્મ હાઉસ, મોજરૂના રસ્તા ઉપર, મુ.ચમનપુરા, તા.દીઓદર, (બ.કાં.)

લિ.

ચૌધરી હરજીભાઈ પુંજાભાઈ (પુત્ર)
ચૌધરી પુંજાભાઈ કમાભાઈ (પતિ)
ચૌધરી કમાભાઈ અગરાભાઈ (સસરા)
ચૌધરી કલ્યાણભાઈ કમાભાઈ (દિયર)
ચૌધરી હેમાભાઈ કમાભાઈ (દિયર)
ચૌધરી પુંજાભાઈ રેવાભાઈ (જેઠ)
ચૌધરી નાનજીભાઈ રેવાભાઈ (જેઠ)
ચૌધરી સગથાભાઈ રેવાભાઈ (જેઠ)
ચૌધરી અરજણભાઈ પુંજાભાઈ (ભત્રીજા)
ચૌધરી ભેમાભાઈ ત્રીકમભાઈ (જેઠ)
ચૌધરી જેસુંગભાઈ રાયમલભાઈ (જેઠ)
ચૌધરી જેસુંગભાઈ સગરામભાઈ (જેઠ)
ચૌધરી જેસુંગભાઈ માવજીભાઈ (જેઠ)
તથા સમસ્ત પાંણ પરિવાર

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૭.૨૬ સૂર્યાસ્ત - ૬.૨૦

તિથિદર્શન

મહા સુદ-૬ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા સુદ :છઠ્ઠ મંગળવાર નક્ષત્ર: ઉત્તર ભાદ્રપદ સવારે ૮.૦૮ પછી રેવતી યોગ :શિવ કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

કકચિદ્રુષ્ટ: કચ્ચતુષ્ટો રૂષ્ટસ્તુષ્ટ: ક્ષણે ક્ષણે અવ્યવસ્થિત ચિત્તસ્ય પ્રસાદોઅપિ ભયંકર:

એવા લોકો હોય છે ક્ષણવારમાં રોષે ભરાઈ ગુસ્સે થઈ જાય, તો વળી ક્યારેક ક્ષણવારમાં ખુશ ખુશ થઈ સંતુષ્ટ થઈ જાય, આવા ક્ષણભરમાં ક્રોધિત અને ક્ષણમાં રાજી થઈ જનારા તોરીલા અને અવ્યવસ્થિત ચિત્તવાળા માણસની પ્રસન્નતા પણ ભયંકર પરિણામ લાવનારી હોય છે.

જે વ્યક્તિનો સ્વભાવ- પ્રકૃતિ, સ્થિર ન હોય એવાનો વિશ્વાસ- સહકાર-મૈત્રી હંમેશાં જોખમી અને ચર્ચાસ્પદ રહે છે. એવા લોકોને અપ્તરંગી કે તરંગી કહી શકાય- મગજમાં કોણ જાણે ત્યારે કેવો તરંગ આવે કે જે વાતમાં જરા પણ ગુસ્સે થવાનું કારણ પણ ન હોય છતાં એમના મગજનો પારો સાતમે આસમાને પહોંચી જાય અને ઘર- પરિવાર અને પોતાની આસપાસના સ્વજનોમાં ખળભળાટ મચાવી દે. જો સંયમથી, સમજપૂર્વક ધીરજ ધરે કે મૌન રહે તો એવી કોઈ વાત કે વિવાદ એટલાં ગંભીર નથી હોતાં.

એ જ રીતે નજીવી વાતમાં ખુશ- ખુશાલ થઈ ન્યોછાવર થઈ જાય કે સામેવાળી વ્યક્તિ પણ એમના ઉમળકાથી ગભરાઈ જાય! આવા તરંગી માણસોનો ક્રોધ- આનંદ કે પ્રસન્નતા પણ જનસામન્યને બિહામણી- ભયાનક લાગે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃષભ : (બ.વ.ઉ.) ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
મિથુન : (ક.છ.ઘ.)અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્‌ભવે.
કર્ક : (ડ.હ.) ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ : (મ.ટ.)આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કન્યા : (પ.ઠ.ણ.) ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
તુલા : (ર.ત.)પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃશ્ચિક : (ન.ય.)મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
ધન : (ભ.ફ.ધ.) નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મકર : (ખ.જ.)માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કુંભ : (ગ.શ.સ.) વિશ્વાસે વહાણ ન ચાલવવું. અપયશના ભોગ બનવું પડે.
મીન : (દ.ચ.જ.થ.) કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

રાખમાંથી રાષ્ટ્ર સર્જનાર આપણા લોકલાડીલા નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન છે.

એમનો જન્મ તા. ૨૩-૧-૧૮૯૭ ના રોજ બંગાળમાં થયો હતો. જાપાનમાં જઈ સુભાષબાબ-ુએ 'આઝાદ હિંદ ફોજ' નું સંચાલન કર્યું. બ્રિટીશ સરકાર સામે બરાબર ટકકર લઈ બ્રિટીશ લશ્કરના દાંત ખાટા કરી નાખ્યા. કેપ્ટન લક્ષ્મીના નેતૃત્વ નીચે મહિલા મુકિત ફોજની સ્થાપના કરી.

આ મહાન રાષ્ટ્રભકતનું ૧૯-૮-૧૯૪૫ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

Œk.23.01.2018 ™k hks Mxkf {kfx xize„ ,Ë¼....

નિફ્ટી ફ્યુચર ૧૧૦૧૯ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

તા. ૨૨.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૯૬૪ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૦૦૯ પોઈન્ટના પ્રથમ અને ૧૧૦૧૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૯૩૩ પોઈન્ટ થી ૧૦૯૧૯ પોઈન્ટ, ૧૦૯૦૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૧૦૧૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા.૨૨.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૯૮૮ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૯૧૯ પોઈન્ટના પ્રથમ અને ૨૬૮૮૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૦૧૧ પોઈન્ટ થી ૨૭૦૧૫ પોઈન્ટ, ૨૭૦૩૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૦૩૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

nÕ skEy yl„Œ yr¼«kÞY...e Vâ[h Mxkf.....

HDFC લિમિટેડ (૧૮૭૦) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૫૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૪૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૮૩ થી રૂ.૧૮૯૮ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૦૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ઇન્ફોસિસ (૧૧૪૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૧ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક રૂ.૧૧૬૩ થી રૂ.૧૧૭૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

એશિયન પેઈન્ટ (૧૧૭૪) :- રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ ના બીજા સપોર્ટથી પેઈન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૧ થી રૂ.૧૨૦૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૯૩૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૪૪ થી રૂ.૯૫૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૯૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

રિલાયન્સ ઇન્ફ્રા (૫૧૧) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૯૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ડો. રેડી (૨૫૧૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૫૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૪૯૩ થી રૂ.૨૪૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૫૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૭૫) :- રૂ.૧૬૮૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૬૬૧ થી રૂ.૧૬૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૭૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૭૬૦) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૮૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૪૭ થી રૂ.૭૩૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

બાયોકોન લિમિટેડ (૫૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૮૨ થી રૂ.૫૭૫ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

રિલાયન્સ કેપિટલ (૫૨૧) :- રૂ.૫૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૫૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાઇનાન્સ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૦૯ થી રૂ.૪૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૬૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

ધાનેરામાં રાજસોભાગ સત્સંગ મંડળ સંચાલિત

આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સાયલા દ્વારા વિનામૂલ્યે વિકલાંગ લોકોને સાધન સહાયનો કેમ્પ યોજાયો

એન.કે.મોદી

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરામાં શાહ રામચંદ સ્વરાજ હોસ્પિટલ ખાતે રવિવારના દિવસે રાજસોભાગ સત્સંગ મંડળ સંચાલિત આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સાયલા દ્વારા શારીરિક વિકલાંગ લોકોને ઉપયોગી વિવિધ સાધનોનું વિના મુલ્યે વિતરણ માટેનો કેમ્પ યોજાયો હતો જેમાં ધાનેરા તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી શારીરિક રીતે અપંગ લોકોને ત્રીસીકલ, વહીલચેર, કૃત્રિમ પગ જેવી વિવિધ સાધનોની સહાય કરવામાં આવી હતી જેમાં આજના આ કેમ્પમાં કુલ ૪૦૪ લોકોને સંસ્થા દ્વારા સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉંઝા એસ.ટી. ડેપોમાં ૧૦૦થી વધુ ડ્રાઈવર-કંડકટરોને ભોજનની વ્યવસ્થા

ડીસા

પદ્માવત ફિલ્મના વિરોધમાં રાજયભરમાં રાજપૂત સમાજ અને કરણીસેના દ્વારા ઉગ્ર વિરોધ ઉઠવા પામ્યો છે ઠેરઠેર રસ્તા રોકો અને આગ ચંપીના બનાવો બન્યા હતા. જેમાં કેટલીક જગ્યાએ એસ.ટી. બસ સળગાવવાના બનાવો બનતાં એસ.ટી.બસો બંધ કરવાની ફરજ પડી હતી. ત્યારે ઉંઝા એસ.ટી. ડેપો ખાતે ૧૦૦ થી વધુ ડ્રાઈવર-કંડકટર ફસાયા હતા. જે. સમયે ઉંઝા એસ.ટી. ડેપો મેનેજર સહિત સ્ટાફના માણસોએ આ ફસાયેલા ડ્રાઈવર-કંડકટરોને બે ટાઈમ ભોજનની વ્યવસ્થા કરી ઉમદા ફરજ નિભાવી હતી.

ડુચકવાડા ગામની પ્રાથમિક શાળામાં તિથિ ભોજન અપાયું

તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર તાલુકાના ડુચકવાડા પ્રાથમિક શાળામાં તા.૨૨-૧-૨૦૧૮ને સોમવારના રોજ સ્વ.જેસુંગભાઈ ગગાભાઈ ચૌધરી પરિવાર દ્વારા તેમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શાળાના ૧૨૦૦ જેટલા બાળકોને ભાવતુ તિથિ ભોજન મીઠાઈ, પુરી, શાક, દાળ-ભાત આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકોએ તિથી ભોજનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે કનુભાઈ ચૌધરી, સુરેશભાઈ ચૌધરી, કાળાભાઈ ચૌધરી, વિષ્ણુભાઈ ચૌધરી, જેસુંગભાઈ ચૌધરી, જગમાલભાઈ ચૌધરી, પરાગભાઈ ચૌધરી, વિરમાભાઈ ચૌધરી, જગમાલભાઈ ચૌધરી તેમજ યુવાનો હાજર રહ્યા હતા. આ તિથિ ભોજનમાં શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ પણ સહયોગ આપ્યો હતો.શાળાના આચાર્યશ્રી ઈશ્વરભાઈ ભુંજોરે તિથિ ભોજન આપનાર દાતાનો આભાર માન્યો હતો.

ડીસા સ્પોર્ટ્સ ક્લબ દ્વારા રાજકીય મહાનુભાવોનું સન્માન

(ભરત સુંદેશા)

ડીસા

ડીસા સ્પોર્ટસ ક્લબ દ્વારા તા. ૨૧/૧/૨૦૧૮ ને રવિવારે સવારે ૧૦ કલાકે સ્પોર્ટસ ક્લબ ડીસા ખાતે ગુજરાત સરકારના મંત્રી પરબતભાઈ પટેલ, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળીનો સન્માન સમારંભ યોજાયો હતો. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય બાદ સંસ્થાના પ્રમુખ ડૉ.કિશોરભાઈ આસનાનીએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સન્માન સમારોહમાં રોટરી ક્લબ, ડીસા સ્પોર્ટસ ક્લબ કન્ઝ્યુમ્યુર્સ સોસાયટી, લાયન્સ ક્લબ, જલારામ ટ્રસ્ટ, ભારત વિકાસ પરિષદ, ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ડીસા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, સ્ત્રી સમાજ, ડીસા મર્કેન્ટાઈલ સોસાયટી, ડીસા કેમીસ્ટ એસોસીયેશન સહિત કુલ ૧૧ જેટલી સંસ્થાઓ પણ જોડાઈ હતી. અગિયાર જેટલી સંસ્થાઓના પ્રમુખ, મંત્રી અને સભ્યોએ ત્રણેય મહાનુભાવોનું સન્માન કર્યા બાદ મંત્રી પરબતભાઈ પટેલ,ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળીએ પોતાના પ્રતિભાવો આપી પ્રજાની સાચા અર્થમાં સેવા કરવાની ખાત્રી આપી હતી. આ અવસરે જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે, શહેર ભાજપ મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મંત્રી પરબતભાઈ પટેલનો વિસ્તૃત પરિચય મેહુલભાઈ શાહે, ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાનો પરિચય સંજય ગેલોતે જયારે મગનભાઈ માળીનો પરિચય ધીરજ રાજગોરે આપ્યો હતો.

તમામ સંસ્થાઓ વતી ડીસા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ દિનેશભાઈ અગ્રવાલે પોતાનો પ્રતિભાવ આપી ત્રણેય મહાનુભાવોને પ્રજાનાં કાર્યો થકી તેમની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્‌ઘોષક ભગવાનભાઈ બંધુએ કર્યું હતું. જ્યોર આભારવિધિ હરેશભાઈ રાવલે કરી હતી. રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયા બાદ સૌ માટે અલ્પાહારનું આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ડૉ.કિશોરભાઈ આસનાની, મહેન્દ્રભાઈ દોષી, મેહુલભાઈ શાહ, સંજયભાઈ ગેલોત, હરેશભાઈ રાવલ, ડૉ.સુરેશભાઈ ગુપ્તા, અરૂણભાઈ કડેલ, ગુંજન કોટક, જતીન પટેલ, મનોજભાઈ પટેલ, કિશોરભાઈ સાંખલા સહિત સ્પોર્ટસ ક્લબ ડીસાના સૌ સભ્યોએ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા. આ સન્માન સમારોહમાં ડીસાનું ક્રીમ કહી શકાય તેવા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરામાં ઓલ ઇન્ડિયા રામાનુજ મેથ્સ ક્લબના ઉપક્રમે

સૂર્યોદય સ્કૂલ ઓફ સાયન્સમાં તાલુકા ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરામાં સૂર્યદાય સ્કૂલ ઓફ સાયન્સમાં ઓલ ઈન્ડિયા રામાનુજ મેસથ ક્લબના ઉપક્રમે તાલુકા ગણિત વિજ્ઞાન પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. બે દિવસના આ પ્રદર્શનમાં શાળાના બાળકો દ્વારા સાયન્સના વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા અને ગણિત વિસયને બાળકો જે રીતે અઘરો વિષય માની લેતા હોય છે તે ખરેખર બહુજ સરળ વિષય છે તે સમજાવવાના પ્રયત્નો વિવિધ પઝલો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ધાનેરા તાલુકાની વિવિધ શાળા ના બાળકો તેમજ વાલીઓએ ગણિત અને વિગ્નાનના વિસયો પર બાળકો દ્વારા રજુ કરવામાં આવેલા પ્રયોગોને સમજ્યા હતા આ પ્રસંગે ઓલ ઈન્ડિયા રામાનુજ મેથ્સ ક્લબના અધ્યક્ષ ડો.ચંદ્ર મૌલી, અંધશ્રદ્ધા નિવારણ સંસ્થા જન વિજ્ઞાન જાથાના જે.કે. સુથાર, ગણિતના વિવિધ પુસ્તકોના લેખક કલ્પેશભાઈ અખાની ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ટોકરીયા પ્રાથમિક શાળાની મુલાકાત

પાલનપુર

પાલનપુર તાલુકાની ટોકરીયા પ્રાથમિક શાળામાં આ ઈ . આ ઈ . એ મ . અમદાવાદના દિપકભાઈ દ્વારા મુલાકાત લેવામાં આવી. શાળાના આચાર્ય પલ્લવભાઈ રાઠોડ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. શાળાના શિક્ષક રામજીભાઈ રોટાતરની ખાસ મુલાકાત તેમના ઈનોવેશનની માહિતી લેવામાં આવી. શાળાના બાળકો, આચાર્ય અરવિંદભાઈ ચાવડાની પણ મુલાકાત લઈ શાળાના ઈનોવેશનની ચર્ચા થઈ. ટાકરવાડા સેન્ટર સ્કૂલની પણ મુલાકાત લઈ ત્યાંના ઈનોવેટીવ શિક્ષકો સાથે ચર્ચા કરી. નરેશભાઈ મકવાણા, સુધીર રાઠોડ સાથે વાતચીત કરી તેમને બિરદાવ્યા હતા.

વડગામ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ વડગામ

શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થય અંગે ચિંતાતુર રહેતા આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં વડગામ તાલુકાની શાળા, હાઈસ્કૂલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ કરાંતાં તા.આરોગ્ય અધિકારી ડો.વી.એ. ગઢવી દ્વારા ડોકટરોની જુદી - જુદી ટીમો બનાવી બાળકોના આરોગ્યની ચકાસણી કરવામા આવી રહી છે. અગાઉ શાળા આરોગ્યમાં ગંભીર બિમારીથી પીડાતા બે બાળકોની અમદાવાદ ખાતે હૃદયની સર્જરી કરાવી વડગામ તાલુકાના આરોગ્ય કર્મીઓએ સરાહનીય કાર્ય કર્યું હતું. અભ્યાસકરતા બાળકોમાં ગંભીર બિમારી જણાય તો તાલુકા આરોગ્ય કચેરી વડગામનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

એનએસએસ યુનિટ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એનએસએસ યુનિટ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. જેમાં વિષય હતા આજનું શિક્ષણ કેટલું ઉપયોગી? તથા સ્વામી વિવેકાનંદ યુવાનોના નેતા. આ બંને વિષય ઉપર ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં પ્રથમ નંબરે મોહમ્મદ એચ. ઢુક્કા બીજા નંબરે નિરાલી મશરૂ તથા ત્રીજા નંબરે મનીષ પ્રજાપતિ હતા. જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ.વાય.બી.ડબગર ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રેરક પાડતું વ્યાખ્યાન આપ્યું હતું તથા સ્વામી વિવેકાનંદના જીવનના કેટલાક પ્રસંગો વાગોળ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રા.અલ્પા પટેલ, પ્રા.મૈત્રી રાવલ તથા બિનલ મેવાડાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા બજાવી હતી. તદ્‌પરાંત પ્રા.કે.કે.માથુર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત એનએસએસ ક્લેપ તથા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એનએસએસ પ્રો.ઓફિસર પ્રા.આર.ડી. વરસાત તથા પ્રા.હેમલબેને કર્યુ હતું.

ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રિય એવોર્ડ પ્રાપ્ત શિક્ષકોનું સંમેલન યોજાયુ

ડીસા

ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય ટીચર્સ એવોર્ડ ફેડરેશનનું ડીસા- કાંકરેજ- થરાદ અને રાધનપુર વિભાગનું સંમેલન ફેડરેશનના અધ્યક્ષ માનસિંહભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને શ્રી ચી.હં.દોશી પ્રાથમિક શાળા ડીસા ખાતે યોજાયું હતું. વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકોનું આ શાળાના પૂર્વ આચાર્ય મનહરભાઈ પરમાર દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શાળાની બાલિકાઓ દ્વારા સર્વેનું કંકુ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા માનસિંહભાઈ ચૌધરીને શાલ અને ફુલોથી સન્માન્યા હતા. સાહિત્યકાર કનુભાઈ આચાર્યે કાર્યક્રમની ભૂમિકા બાંધીને માનસિંહભાઈ દ્વારા થયેલ કાર્યો વિષે જણાવ્યું હતું. માનસિંહભાઈ ચૌધરીએ ફેડરેશનના પ્રારંભથી આજ સુધી થયેલ કાર્યની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે નિરંજનભાઈ ઠક્કર, ચંદુભાઈ ત્રિવેદી- પ્રહલાદભાઈ આચાર્ય, મનવર રણછોડભાઈ- પિયુષભાઈ જોષી- લક્ષ્મણભાઈ જાદવ- મુકેશભાઈ વ્યાસ- અંબાભાઈ પટેલ હાજર રહ્યા હતા અને આ પ્રસંગે રેવાભાઈ પરમાર, દિનેશભાઈ શ્રીમાળી પુજીરામભાઈ કાતરેચા, અંબારામભાઈ જોષી, રાણાભાઈ પટેલ, નરસિંહભાઈ બારોટે શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચંદુભાઈ એ.ટી.ડી.એ કર્યુ હતું. પ્રવિણભાઈ સાધુએ આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવિકાબેન દવેએ કહ્યુ હતું.

કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે તેજસ્વી તારલાઓનો સન્માન સન્માન સમારોહ યોજાશે

(પ્રતિ.) શિહોરી

શ્રી કાંકરેજ વિભાગ રાજપૂત કર્મચારી મહામંડાળ, જી.બનાસકાંઠા આયોજીત છઠ્ઠો તેજસ્વી તારલા સન્માન સમારોહ ૨૦૧૮ શિહોરી ખાતે આવેલ ગાય માતાજીના મંદિરે યોજાશે દર વર્ષની માફક આ વર્ષે પણ કાંકરેજ વિભાગ રાજપૂત કર્મચારી મહામંડળ બનાસકાંઠા જિલ્લાના ઉપક્રમે ૨૦૧૭ માં સારા મેરિટથી ઉતર્ણિય થયેલા તેજસ્વી તારલાઓ અને નવ નિયુક્ત સરકારી કર્મચારીઓનો સન્માન સમારોહ તા.૨૮/૧/૧૮ ને રવિવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ગાય માતા મંદિર શિહોરી ખાતે રાખેલ છે, આ કાર્યક્રમ કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય, કાંટ ખાતે સરસ્વતી પૂજન

ડીસા

શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય કાંટ ખાતે તા.૨૨/૧/૨૦૧૮ રોજ હિન્દુ ધર્મ અને ભારત વર્ષના મહાપર્વ એવા મહાસુદ પાંચમ વસંતપંચમીના દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સરસ્વતી પૂજન અંગેની માહિતી અને માર્ગદર્શન શાળાના શિક્ષક રમેશભાઈ આલ અને ધ્રુવભાઈ ટાંક દ્વારા આપવામાં આવ્યું. ત્યારબાદ વધુ સમજ શાળાના આચાર્ય રમેશભાઈ સોલંકીએ આપી હતી. શાળાના શિક્ષક બારોટ અરવિંદકુમાર દ્વારા પણ માહિતી આપી હતી કે સરસ્વતી પૂજન શા માટે ? અને સરસ્વતી પૂજનનો ઈતિહાસ અને મહત્વ શું છે ? તે અંગે માહિતી આપી. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓને પ્રસાદી વહેંચવામાં આવી અને કાર્યક્રમની આભારવિધિ શિક્ષક દશરથભાઈ ભાકોદરા દ્વારા કરવામાં આવી હતી.

મુનીશ્રી રાજહંસ વિજયજી આદિઠાણાની નિશ્રામાં

થરાનગરે ચિ પાર્થ (બિટ્ટુ) માયાવી સંસ્કારનો ત્યાગ કરી પૂ.પ્રેમનંદન વિજયજી બની મહાભિનિષ્ક્રમણ

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા પાવાપુરી સોસયટી ખાતે આચાર્ય ૫૦ યાસ ...શ્રી ચંન્દ્રશેખર વિજયજી મ.સા.ના શિષ્યરત્નો મુનિરાજ શ્રી વિશ્વરક્ષિત વિજયજી મ.સા. પં.પૂ.પંન્યાસ શ્રી જયભૂષણ વિજયજી મ.સા. પૂ.મુનિ શ્રી રાજ હંસ વિજયજી મ.સા.પૂ.મુનીશ્રી જ્ઞાનયોગી વિજયજી મ.સા. શ્રવણ - શ્રવણી વૃંદ આદિકણાની પાવન નિશ્રામાં ઉંઝા કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક કિર્તિલાલ લહેરચંદભાઈ શાહના પૌત્ર મુમુક્ષુ ચિ.પાર્થ (બિટ્ટુ) નો ત્રિ દિવસીય દિક્ષા મહાભિનિષ્ક્રમણ મહોત્સવના ભાગરૂપે ગઈકાલે સવારે ૬.૦૦ કલાકે ચિ.પાર્થ (બિટ્ટુ) એ ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ - વિધિ માટે પ્રયાણ કરેલ ત્યારે ઝાલમોરા પરિવાર તપોવની સહધ્યાયીઓએ નાચતા ગાતા ઝુમતા અશ્વપર બિટ્ટુ પાર્થને બેસાડીને દિક્ષા મંડપ સુધી લાવ્યા ત્યારે અનોખાં વૈરાગ્યના દશ્યો સર્જાયા હતા. ગુરૂ ભગવંતોની પાવન નિશ્રામાં મહાભિનિષ્ક્રમણની વિધિવિધાન શરૂ થયું હતું આ પ્રસંગે વિવિધ ચડાવાનો લાભ ધર્મપ્રેમીઓએ લીધો હતો. ચિ.પાર્થ (બિટ્ટુ) એ સંસારનો ત્યાગ કરી સંસારી વાઘાનો ત્યાગ કરી શ્વેત વસ્ત્રોમાં મુનિ તરીકે જયારે સભા મંડપમાં આવ્યો ત્યારે દિક્ષાર્થીનો જય જય કારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું ચિ.પાર્થ (બિટ્ટુ) મુનીરાજ શ્રી રાજહંસ વિજયજી મ.સા.ના શિષ્યરત્ન બન્યોને તેને મહાભિનિષ્ક્રમણનું નવું નામ અર્પણ કરાયું "પ્રેમ નંદન વિજયજી" મ.સા. નામ મળતાંજ ગુરૂ વંદના કરી

અનુસંધાન પાના નં.૬

કાંકરેજના અણદપુરા ગામમાંથી વિદેશી દારૂ ઝડપાયો

થરા

જિલ્લા પોલીસ અધીક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે.એચ. સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તેમજ સ્ટાફના પો.કો. જયપાલસિંહ, દિગ્વિજયસિંહ, નિકુલસિંહ, ધેગાજી, મિલનદાસ, વિજયસિંહની ટીમે થરા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે પીરાજી રામચંદજી ઠાકોર રહે. અણદપુરા તા.કાંકરેજ વાળાના ત્યાં રેઈડ કરતા તેના કબજા ભોગવટાના મકાનમાંથી ગે.કા. અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂ બોટલ નંગ-૧૭૩૯ કી.રૂ ૧,૭૩,૯૦૦/- નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવેલ ન હોઈ તેના વિરૂધ્ધ થરા પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગેળા મંદિરેથી ચોરાયેલ બાઈક મળ્યું

બાઈક મુકીને ભાગવા જતો યુવક પોલીસ હવાલે

નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના ગેળા હનુમાન મંદિરેથી ચોરેલ વેપારીનું બાઈક બીજા દિવસે મંદિરે મુકીને ભાગવા જતા આરોપીને લોકોએ ઝડપી પાડી પોલીસ હવાલે કરી દીધો હતો.

ગેળામાં પૌરાણિક શ્રીફળીયા હનુમાનદાદાનું મંદિર આવેલ છે. જ્યાં દર શનિવારે મોટી સંખ્યામાં ભાવિકો દૂર દૂરથી દાદાના દરબારમાં માથુ ટેકવવા આવે છે. ત્યારે ગત શનિવાર મંદિર સામે જ શ્રીફળની દુકાન ધરાવતા ગરીબ વેપારી નાઈ ભલાભાઈ નાનજીભાઈનું સ્પલેન્ડર બાઈક કોઈ હરામખોર ભીડનો લાભ ઉઠાવી સવારના દસ વાગ્યાના સુમારે ચોરી ગયો હતો. જેની જાણ થતા વેપારીની હાલત કફોડી બની ગઈ હતી. બાઈકની વ્યાપક શોધખોળ કરવા છતાં ભાળ ન મળતા તેમણે ચોરીની ફરિયાદ પોલીસ મથકે નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી. જો કે ચોરીને ભાગેલ બાઈક સવાર યુવકને રસ્તામાં અકસ્માત નડ્યો હતો. જેથી ઘવાયેલ યુવક બીજા દિવસે બાઈક લઈને મંદિરે આવ્યો હતો અને બાઈક મુકી ગાડીમાં બેસીને ભાગવા જતો હતો. પરંતુ લોકોને જાણ થતા તેને પકડી પાડી પૂછપરછ કરતા તેનું નામ કોળી (ઠાકોર) દિપાભાઈ ઠાકરાભાઈ (રહે. ઉદરાણા તા. થરાદ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં તેને પોલીસ હવાલે કરાયો હતો. ગરીબ વેપારીઓનું બાઈક પરત મળી જતા ભાવિકોએ હનુમાનદાદાના જયજયકારથી મંદિર પરિસર ગજવી દીધુ હતું.

પાનોલીમાં પદમાવતના વિરોધમાં ટાયરો સળગાવાતા ટ્રાફિક ચક્કાજામ

અંકલેશ્વર

અંકલેશ્વરના પાનોલી નજીક ૧૦૦ થી વધારે રાજપુત યુવાનોએ હાઈવે પર ટાયરો સળગાવી ૩૦ મિનિટ સુધી ચક્કાજામ કરી દીધો હતો. ૧૨ ટાયરો સળગાવી રસ્તો બ્લોક કરી દેવામાં આવતા અનેક વાહનચાલકો અટવાઈ પડ્યા હતા. ભરૂચ અને સુરત જિલ્લાના રાજપુત સમાજના યુવાનો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ભરૂચ અને સુરત જિલ્લામાં કાર્યરત રાષ્ટ્રીય રાજપુત કરની સેના, મહાકાલ સેના અને રાજપુત યુવા સેનાના ૧૦૦ થી વધુ યુવાનો શનિવારે રાત્રિના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં પાનોલી ધમરોડ પાટીયા વચ્ચે સાગર અને ચાચા હોટલ પાસે ભેગાં થયાં હતા. પદમાવત ફિલ્મને રીલીઝ નહિ કરવાની માંગ સાથે બંને તરફ ૬-૬ ટાયરો સળગાવ્યા હતા. જેને લઈ બંને તરફ વાહનો અર્ધા કલાક સુધી વાહનોની કતાર લાગી હતી. પાનોલીથી રાજપીપલા ચોકડી સુધી તેમજ કોસંબા સુધી ચક્કાજામ થઈ ગયો હતો. અર્ધા કલાક સુધી ચાલેલા વિરોધ પ્રદર્શનમાં ૧૦૦ થી વધુ યુવાનો જોડાયા હતા અને પદમાવત ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવશે. તો ઉગ્ર વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

સુરતમાં પદમાવત ફિલ્મના વિરોધમાં દેખાવ

સુરત

પદ્માવત ફિલ્મનો વિરોધ ઠેર-ઠેર થઈ રહ્યો છે. ગુજરાતમાં ઘણી જગ્યાઓ પર બસ પણ સળગાવી હોવાના બનાવ સામે આવ્યા છે. દરમિયાન સુરતના કાપોદ્રા વિસ્તારમાં કરણી સેના દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેમાં પોલીસને પણ ધક્કે ચડાવ્યા હતા. જ્યારે કતારગામ વિસ્તારમાં સિટી બસમાં તોડફોડ કરવામાં આવી હતી

પ્રાપ્ત વિગતોનુસાર, કાપોદ્રા વિસ્તારમાં કરણી સેના રોડ પર ઉતરી આવી હતી. અને પદ્માવત ફિલ્મનો વિરોધ નોંધાવી રહી હતી. કરણી સેનાના કાર્યકરો રોડ પર બેસી જતા ટ્રાફિકજામ સર્જાયો હતો. જેથી પોલીસ ટ્રાફિક હળવો કરવા પહોંચી હતી. દરમિયાન કાપોદ્રામાં પહોંચેલી પોલીસને કાર્યકરોએ ધક્કે ચડાવ્યા હતા. જેથી મામલો બિચક્યો હતો. અને કરણી સેનાના કાર્યકરોએ ટાયરો સળગાવી રસ્તો જામ કરી દીધો હતો. જ્યારે કતારગામ વિસ્તારમાં સિટી બસમાં તોડફોડ કરવામાં આવી હતી.

ડીસા લો કોલેજમાં યુનિવર્સીટી કક્ષાની વ્યાખ્યાન માળા યોજાઈ

ડીસા

દર વર્ષે ઉત્તર ગુજરાત યુનીવર્સીટી દ્વારા યુનીવર્સીટી કક્ષાની વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવે છે.. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે વર્તમાન પરિસ્થિતિ અંગે પણ સમજતા થાય તે આશય દર વર્ષે અલગ અલગ કેન્દ્રો ખાતે આ વ્યખ્યાયન યોજાતું હોય છે.. ત્યારે આ વર્ષે ઉત્તર ગુજરાત યુનીવર્સીટી કક્ષાના વ્યાખ્યાન માળાનું આયોજન સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત કાંટ લો કોલેજના પ્રિન્સીપાલ ડો. રાજુલબેન દેસાઈની ભારે ડીસાની ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સહીત ઘણીબધી કોલેજોના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને આ વ્યાખ્યાન માળામાં પાટણની લો કોલેજના પ્રિન્સીપાલ ડો.જે.યુ.નાણાવટી અને ડીસાની ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પોલીટીક્સ વિષયના તજજ્ઞ અને પ્રાધ્યાપક ડો. તેજસ આઝાદે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. ત્યારબાદ પાટણ લો કોલેજના પ્રિન્સીપાલ ડો.જે.યુ. નાણાવટીએ વર્તમાન સમયમાં ઈકોલોજીકલ ઈમ્બેલેન્સ અને કલાયમેટ ચેન્જ પર સુંદર પ્રવચન આપ્યું હતું. અને આજના સમયમાં પર્યાવરણનું કેટલું મહત્વ છે તે વિષે વિદ્યાર્થીઓને સમજાવવા ઉપરાંત ડો.જે.યુ. નાણાવટીએ જણાવ્યું હતું કે ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટના બન્યા બાદ જ પર્યાવરણ વિષે સરકાર ગંભીર બની છે. અને વર્તમાન સમયમાં પર્યાવરણની જાળવણી કરવામાં નહી આવે તો આવનારી પેઢી માટે તે ઘાતક સાબિત થશે.. જયારે ડીસા કોલેજના પ્રાધ્યાપક અને પોલીટીક્સ વિષયના તજજ્ઞ ડો.તેજસ આઝાદે ભારતના સાંસદોના વિશેષાધિકારો વિષે સમજણ આપી હતી.. આ ઉપરાંત આગામી સમયમાં આવનારા અંદાજપત્ર એટલે કે બજેટ વિષેની કાર્યવાહી વિષે પણ યોગેશભાઈ છીપા સહીત મોટી સંખ્યામાં અલગ અલગ કોલેજોના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ યોજવા પાછળના હેતુ વિષે લો કોલેજના પ્રિન્સીપાલ ડો.રાજુલબેન દેસાઈએ વધુ વિગતો આપી હતી.

ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે વસંતપંચમી પર્વની ઉજવણી

ગાયત્રી મંત્રના સસ્વરજપ, વિદ્યાર્થીઓ દ્વારા સમુહજપ, સંસ્કારો, પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ, સરસ્વતીપૂજન તથા દિપમહાયજ્ઞ યોજાયો

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા ગાયત્રી શક્તિપીઠ ખાતે તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ રવિવારના રોજ વસંતપંચમી પર્વનો કાર્યક્રમ ખુબ જ ઉત્સાહભેર ઉજવાઈ ગયો. આ પાવન પર્વ ઉપર વિશેષ રૂપે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ, વિવિધ સંસ્કારો, સરસ્વતીપૂજન અને ગુરૂપૂજનના માટે વિશેષ કાર્યક્રમ થઈ ગયા. આ ઉપરાંત ગાયત્રી શક્તિપીઠ ડીસામાં દર માસના પ્રથમ રવિવારે થતાં સમૂહ સસ્વર ૨૪ ગાયત્રી મંત્ર, ૨૪ મહામૃત્યુંજય મંત્ર તથા ૨૪ ઓમકાર ધ્વનિનો કાર્યક્રમ પણ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શાંતિકુંજ હરિદ્વારથી પ્રેરિત આદશ્રદ્ધેય શૈલજીજીના વસંત પર્વના સંદેશની ઓડિયો ક્લિપ પણ સૌ પરિજનો અને સાધકોને સંભળાવવામાં આવી

અનુસંધાન પાના નં.૬

વરસડા ખાતે ૪૨ મો પાટોત્સવ યોજાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

કાંકરેજ તાલુકાના વરસડા ગામે શ્રી રઘુવંશી લોહાણા (પાંચાણી) પરિવાર વરસડા કુળદેવીશ્રી વજેશ્વરી માતાજીનો અને કુળદેવ શ્રી ક્ષેત્રપાલ દાદા તથા શ્રી જલારામ બાપાનો ૪૨ મો પાટોત્સવ મહોત્સવ તા.૨૧-૧-૨૦૧૮ને રવિવાર થી તા.૨૨-૧-૨૦૧૮ સોમવાર સુધી યોજાઈ ગયો.જેમાં તા.૨૧ના રોજ સાંજે પરિવારજનો અને ભાવિકોનું આગમન થયેલ અને સાંજે સત્ય નારાયણ ભગવાની કથા યોજાયેલ.તેમજ સાંજે ભોજન પ્રસાદ યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ.તેમજ રાત્રે રાસ ગરબાનો પ્રોગ્રામ યોજાયેલ જેમાં કલાકારોએ મોડી રાત સુધી રમઝટ મચાવેલ.તેમજ તા.૨૨ના રોજ પૂર્ણાહુતી થયેલ જેમાં શોભાયાત્રા,યજ્ઞ વિધી, ધ્વજારોહણ વિગેરે યોજાયેલ. જેમાં દુર દુરથી લોકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડેલ.આ પ્રસંગે શ્રી રઘુવંશી લોહાણા (પાંચાણી) સમાજ સેવા ટ્રસ્ટ વરસડા દ્વારા સૌ લોકોને આવકારેલ.

ફાફરાળી ગામે ત્રિદિવસીય દિવા પ્રોગ્રામ તાલીમ યોજાઈ

કોતરવાડા

દિયોદર તાલુકાના ફાફરાળી ગામે સભાસદોની તેમજ પશુપાલકોની બનાસડેરી દ્વારા ત્રિ દિવસીય દિવા પ્રોગ્રામ તાલીમ યોજાઈ હતી જેમાં પ્રથમ દિવસે એટલે કે તા.૧૮/૧/૧૮ ના દોઢ સો જણા સભાસદો હાજર રહ્યા હતા તેમણે ચા,પાણી ને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતો અને તાલીમ લીધી હતી ત્યારબાદ તા.૧૯/૧/૧૮ ના દિવસે પણ દોઢ સો જણા સભ્્સદોને પશુપાલન વિષે અને બનાસડેરી વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેની સાથે ચા નાસ્તોની વ્યવસ્થા કરવા માં આવી હતો ત્યારબાદ તા.૨૦/૧/૨૦૧૮ ના એટલે કે ત્રીજા દિવસે બસો જણા સભાસદો અને પશુપાલકોને દુધાળા ઢોર વિષે અને પશુઓ ની કેવી રીતે માવજત કરવી તેના વિષે સતત ત્રણ દિવસ ડોકટર સંકેતકુમાર પટેલે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેની સાથે ઘીનો શીરો, મગનુ શાકનુ શાનદાર ભોજન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ સભાસદોને પાવડર આપવામાં આવેલ. જ્યારે આ કાર્યક્રમમાં ચેરમેન શાંતીજી ડાયાજી ઠાકોર, મંત્રી આશારામજી હરચંદજી ઠાકોર તેમજ કમીટીના સભ્યોને સભાસદો હાજર રહ્યા હતા.

શ્રી શ્રીમાળી સોની મંડળ ડીસાના નવીન હોદેદારોની વરણી

ડીસા

ડીસા ખાતે કાર્યરત કાંકરેજી - વઢીયારી સોની સમાજના શ્રી શ્રીમાળી સોની મિત્ર મંડળના ડીસાની સામાન્ય સભા ૨૧ જાન્યુઆરીના રોજ લાયન્સ હોલ ખાતે યોજાઈ હતી. જેમાં આવનાર બે વર્ષ માટે નવીન હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મેહુલભાઈ ડી.સોની, ઉપપ્રમુખ તરીકે હીરેનભાઈ એ.સોની, રીતેશભાઈ ડી.સોની, મંત્રી તરીકે વ્રજેશ એન.સોની અને સહમંત્રી તરીકે વીરેન બી.સોની, ભરત એસ.સોની ખજાનચી તરીકે રાજુભાઈ કે.સોની સહખજનચી તરીકે યશવંત એચ. સોની, ટ્રેઝર તરીકે કલ્પેશભાઈ પી.સોની, જયેશભાઈ પી.સોની, તથા કારોબારી સભ્યો તરીકે લલીતભાઈ સોની, વિપુલભાઈ સોની, હીતેશભાઈ સોની, યોગેશભાઈ કે. સોની, ચિરાગભાઈ સોની, જીગરભાઈ સોની, નિરવભાઈ સોની, વિજયભાઈ સોની , મયંકભાઈ સોની તથા આમંત્રિત સભ્ય તરીકે કર્મ સોની, ડેનીશ સોની, સુનીલભાઈ સોની, હાર્દિકભાઈ સોની, રાહુલ સોની, મહેશ સોની, પીનાકીન સોની, ગૌરાંગભાઈ સોનીની વરણી કરવામાં આવી હતી.

શ્રી પાલીતાણા હાઈસ્કુલમાં આચાર્યશ્રી રશ્મીરત્નજીનું પ્રવચન

સુરત

શ્રી પાલીતાણા હાઈસ્કુલમાં ભારતીય સંસ્કૃતિમાં માતા- પિતા અને ગુરૂના અપરમપાર મહિમા વિશે જૈનાચાર્ય પૂજ્યશ્રી રશ્મીરત્નસુરીશ્વરજી મહારાજ સાહેબનું મંગલ પ્રવચન પ્રાર્થના સમયે યોજવામાં આવ્યું હતું. ધોરણ -૯ થી ૧૨ ના ૬૦૦ વિદ્યાર્થીઓએ શાંત ચિતે પ્રવચન ગ્રહણ કર્યું હતું. ભારત દેશની વિશેષતા અને પુણ્યભુમિ પાલીતાણાના ગૌરવવંતા ઈતિહાસની દષ્ટાંતો સાથે પુજ્યશ્રીએ માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને જીવન ઉત્કર્ષ માટે સત્ય, અહિંસા, માનવતા, સેવા વગેરે સદગુણોને જીવનમાં ઉતરવા આચાર્યએ અપીલ કરી હતી. નરેન્દ્રભાઈ શાહ ગઢડાવાળાએ નવયુવાન વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવેલ. સહુએ માતાપિતાને વંદન કરવા અને આપઘાત ન કરવાનો સંકલ્પ લીધો. શાળાના આચાર્ય મનુભાઈ કલસરીયાએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક શશીકાંતભાઈ કનાડાએ આભારદર્શન અને સંચાલન કરેલ હતું. ૭ મીએ પ્રતિષ્ઠા નિમિત્તે મેવાડ ભુવનના સનિષ્ઠ કાર્યકર વિશાલભાઈ હસ્તક

અનુસંધાન પાના નં.૬

કાંકરેજના આકોલી ગામે સંત મેળાવડો યોજાયો

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી ગામે સંતો ભક્તોનો પાવન મેળાવડો યોજાયો હતો. જેમાં નોરતા નરભેરામ આશ્રમના સંતશ્રી દોલતરામજી મહારાજ તથા ડોડાણા નિવાસી સંત શિરોમણી ચેનગીરી બાપુના પાવન પગલા અને આશિર્વાદથી વાઘેલા દાદુભા હેમતસીંગ પરિવાર દ્વારા ભજન સત્સંગ સાથે ભોજનનું આયોજન કરી હવન સાથે ભજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામેગામથી ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. આ પ્રસંગે કંબોઈ ભક્તમંડળના ભક્ત અમરસિંહ સોલંકી તથા હનુમાન મંદિરના મહંત પણ ઉપસ્થિત રહ્યા હતા. "જનની જાણે ત્રણ તો જણ જે કાં ભક્ત દાતાર કે સુર નહિતર રહે જે વાંઝણી મત ગુમાવીશ નૂર" સાથે વાઘેલા પરિવાર દ્વારા સંતોના સામૈયાઓ હવનયજ્ઞના પંડિત ભરતભાઈ જોષીએ વૈદિક મંત્રોચ્ચાર કરી રજુભા વાઘેલા અને તેમના ધર્મપત્નિ સજ્જનબાએ આહુતિ આપી. વાસ્તુ સાથે ભજનની મોજ કરાવી ભક્તોને ભોજન પ્રસાદ આપ્યો હતો.

પાલનપુર ભુજ બસમાં દાંગીના ભરેલી બેગ પરત કરી

સંજય જોષી

પાલનપુર-ભુજ એસ.ટી.બસમાંથી કંડકટર અફજલભાઈ પરમારને દાંગીના ભરેલી બેગ મળી આવી હતી. આથી બેગમાંના કાગળોના આધારે મુલ માલીકની તપાસ કરી તેમણે બેગ પરત કરી માનવતાના દર્શન કરાવ્યા હતા.

ડીસા નગર સેવા સદન
ટેન્ડર નોટીસ

આથી ડસ્ટબીન, હાથલારીનું ઉત્પાદન/વેપાર કરતી એજન્સીઓને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મળેલ ગ્રાંટમાંથી ડસ્ટબીન, હાથલારીની ખરીદી કરવાની હોઈ આ અંગેના ભાવો ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.co ઉપર મેળવવા જણાવવામાં આવે છે.

નં.પા.સેની/સ.ભા.મિ/વશી સને ૨૦૧૭/૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા. ૨૨-૧-૨૦૧૮

ડીસા નગરપાલિકા

ડીસા નગર સેવા સદન
ટેન્ડર નોટીસ

